આજે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ

ગાંધીનગરમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે બે સફેદ વાઘ છે જેમાં એકનું નામ સૃષ્ટિ અને બીજા વાઘનું નામ ગૌતમ છે

આજે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ છે, ત્યારે આજે આપણે જાણીશું કે, શા માટે વાઘને રાષ્ટ્રીય પ્રાણીનો દરજ્જો મળ્યો? ચાલો, આ વિશે વધુ જાણીએ.

વાઘ આપણું રાષ્ટ્રીય પ્રાણી છે, એ આપણે જાણીએ છીએ પરંતુ એ જાણીએ કે શા માટે ? કદાચ ઘણાં ઓછાં લોકો જાણતાં હશે કે વાઘ પહેલાં આપણું રાષ્ટ્રીય પ્રાણી સિંહ હતું.

ઈ.સ. ૧૯૭૨ સુધી 'સિંહ' આપણું રાષ્ટ્રીય પ્રાણી રહ્યું હતુ. ત્યારબાદ ભારત સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો. વર્ષ ૧૯૭૦ બાદ વાઘની સંખ્યામાં ભારે ઘટાડો આવ્યો હતો અને ભારતનાં ૧૬ રાજ્યોમાં માત્ર ૧૮૦૦ જેટલા જ વાઘ બચ્યા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એક ખાસ મિશન હેઠળ સિંહને બદલે વાઘને રાષ્ટ્રીય પ્રાણી તરીકે સ્થાન આપવાનું નક્કી કરવામાં આવ્યું.

ભારત સરકારે ૧૮ નવેમ્બર, ૧૯૭૩નાં રોજ વાઘને રાષ્ટ્રીય પ્રાણી તરીકે જાહેર કરવામાં આવ્યું. ત્યારથી લઈને આજ સુધી વાઘને અતિ મહત્વ આપવામાં આવ્યું છે. જેમ સિંહ માત્ર ગુજરાત રાજ્યમાં જોવા મળે છે, તેમ મધ્યપ્રદેશ એ વાઘનું નિવાસ્થાન છે, આથી જ તેને વાઘ પ્રદેશ તરીકે વધુ ઓળખવામાં આવે છે.

વાઘ એ માંજર કુળનું એક વિશાળ અને ઉમદા સ્વભાવનું પ્રાણી છે. તે શક્તિ, શૌર્ય અને ચતુરાઈનું પ્રતીક છે. પ્રાચીન સમયથી પ્રજાના વિવિધ ધાર્મિક ગ્રંથોમાં વાઘને આદ્યશક્તિનાં વાહન તરીકે પૂજનીય બતાવવામાં આવ્યું છે.

વાઘ એક રોયલ અને મોભાદાર પ્રાણી છે. વાઘ ઈકોસિસ્ટમની હેલ્થ અને ડાયવર્સિટીને જાળવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વાઘ ઉચ્ચકોટીનો શિકારી જે પોષણશૃંખલા પર સૌથી ઉપર આવે છે. વાઘ જંગલના તૃણાહારી પ્રાણીઓની વસ્તી જાળવી રાખવામાં મહત્વનો ફાળો આપે છે, જેથી વનસ્પતિ પર આધારિત પ્રાણીઓ

અને વનસ્પતિનું સંતુલન જળવાઈ રહે છે.

વનોના નિકંદનને કારણે આવાસમાં ઘટાડો, શિકાર, વાઘના શરીરના અંગોનો ગેરકાયદેસર વેપાર વાઘની વસ્તીના ઘટાડા પાછળના મુખ્ય પરિબળો છે. દુર્ભાગ્યની વાત છે કે, હાલ વાઘની પ્રજાતિ લુપ્ત થવાની નજીક છે. તેથી વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે ૨૯ જુલાઈના રોજ આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ અથવા ગ્લોબલ ટાઈગર ડે ઉજવવામાં આવે છે.

અન્ય માહિતી મુજબ વિશ્વભરમાં વાઘ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે કારણ કે હાલમાં વાઘ લુપ્ત થતી પ્રજાતિ છે. આથી વિશ્વમાં અત્યંત ઝડપથી ઘટી રહેલી વાઘોની વસ્તી જોતાં વર્ષ ૨૦૧૦થી દર વર્ષે ૨૯ જુલાઈને 'વર્લ્ડ ટાઈગર ડે'(વિશ્વ વાઘ દિવસ) તરીકે મનાવવામાં આવે છે. સૌથી પેહલાં ૨૦૧૦માં રશિયાના સેન્ટ પીટર્સબર્ગના વાઘ સંમેલનમાં વાઘોના સંરક્ષણ માટે 'વિશ્વ વાઘ દિવસ' મનાવવાની શરૂઆત થઈ હતી. ત્યાર પછી સમગ્ર દુનિયામાં દર વર્ષે ૨૯ જુલાઈને 'વિશ્વ વાઘ દિવસ' તરીકે મનાવવામાં આવે છે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન માં સૃષ્ટિ - ગૌતમ ની અનોખી જોડી:

ગાંધીનગર માં ઈન્દ્રોડા પ્રાણી સંગ્રહાલય ખાતે વર્ષ ૨૦૨૧ માં બે સફેદ વાઘ ને લવાયા છે. જેમાં એક માદા વાઘણ અને એક નર વાઘ છે.માદા વાઘણ નું નામ સૃષ્ટિ અને નર વાઘ નું નામ ગૌતમ છે. માદા વાઘણ દરરોજ નો ૫ થી ૭ કિલો ખોરાક આરોગે છે જ્યારે નર વાઘ ને ૮ કિલો ખોરાક જોઈએ છે.આ સફેદ વાઘ ને શિયાળાની મોસમ સૌથી વધુ અનુકૂળ રહે છે.હાલમાં ચોમાસામાં વરસાદી માહોલ વચ્ચે તેમને સેલ્ટર હોમ માં રાખવામાં આવે છે.તેમનું નિયમિત રસીકરણ અને પૂરેપૂરી સંભાળ વેટરનરી ડોક્ટર દ્વારા કરવામાં આવે છે.આ સફેદ વાઘ ના આવ્યા બાદ અહીંયા મુસાફરો ની સંખ્યા પણ વધવા પામી છે.નાના બાળકો થી લઈ તમામ લોકો સફેદ વાઘ ને નિહાળવાનો લ્હાવો લઈ રહ્યા છે. સાથે જ સિંહ, દીપડો જોવા માટે લોકોનો ઘસારો રહે છે.

ભક્તિના મૂળમાં ભાવ હોવો જોઈએ, ભય નહીં

સમુદ્રમંથનના સંદર્ભમાં પૂ.ગુરૂમા જણાવે છે કે સમુદ્રમંથનને આધ્યાત્મિક રૂપક પણ અપાય છે. જેમ દેવ-અસુરનો સંગ્રામ સદાયથી ચાલતો રહ્યો છે એમ દેવવૃત્તિ અને આસુરીવૃત્તિનો સંગ્રામ-મંથન-યુધ્ધ ચાલતું રહેતું હોય છે. જે પણ મનુષ્ય ધર્મમાર્ગે ચાલતો થાય એની અંદર દૈવી-આસુરી વૃત્તિનું મંથન શરૂ થઈ જાય છે. શું ધર્મ છે, શું યોગ્ય છે એ જાણવા છતાં વિપરીત પ્રવૃત્તિ પણ થાય છે. જીવનમાં એવી પરિસ્થિતી આવતી હોય છે, જ્યારે લોભ-લાલસા જાગે છે. બીજી બાજુ ધર્મ

છે જે ના પાડે છે. એક બાજુ દૈવીવૃત્તિ કહે છે કે ગુસ્સો ના કરાય, અપશબ્દ ના બોલાય, છતાં ગુસ્સો આવી જાય, અપશબ્દ બોલાઈ જાય છે. જે ધર્મમાર્ગે ચાલે છે એને સંઘર્ષ સતત ચાલતો રહે છે. પ્રારંભિક અવસ્થામાં સાધકનું મન હાલકડોલક થતું હોય છે. પરંતુ જે ઈશ્વરમાં, ઈશ્વરના વિધાનમાં શ્રધ્ધા ધરાવે છે એનું જીવન પાર પામે છે. સત્સંગનો સહારો લઈને મનને સ્થિર કરવાનું છે. સદ્‌ગુણોનું પણ અભિમાન થઈ જતું હોય છે. આવા સમયે વિવેકની મદદ લેવાની છે. નિરંતર પોતાના મન, વૃત્તિઓને જોતા રહેવું પડે છે. અહંકારથી પીછો છોડાવવો પડે છે. સાધકે વૃતિઓને ઈશ્વર સાથે જોડતા જવાનું છે અહંકારનો બાધ કરીને વૃત્તિને તામસિક માંથી રાજસીક અને ત્યાંથી સાત્વિક તરફ લઈ જવાની છે.

શ્લોક : ૧૫

વશી કોને કહેવાય? વશી એટલે જેના ઈન્દ્રિય-મન પોતાના વશમાં છે. જે બેફામ પ્રવૃત્તિ કરતા નથી. એને જ્યાં લગાવવા હોય ત્યાં લાગે છે. અવશી એટલે જેના મન-ઈન્દ્રિય એના વશમાં નથી. ભગવાનનું ઈન્દ્રિય-મન ને વશમાં કરનાર સ્વરૂપ આચાર્યજી અહીં કામદહનથી દર્શાવે છે. કામનો સામાન્ય અર્થ સ્ત્રી-પુરુષનું આકર્ષણ એવો થાય છે અથવા તો એવી કોઈ પણ ઈચ્છા જે પોતાનું ભાન ભૂલાવી દે, એ કામ છે. અનેકવાર માણસ અંતરથી ઈચ્છતો નથી હોતો પણ ખેંચાઈ જતો હોય છે. ન ઈચ્છવા છતાં મનુષ્ય પાપ કરી બેસે છે. ગીતાજીમાં અર્જુનના આ પ્રશ્નના જવાબમાં શ્રી કૃષ્ણ કહે છે એની પાછળનું પરિબળ કામના અને ક્રોધ જ છે. ભાન ભૂલાવી દેનારી કોઈપણ ઈચ્છા કામ છે. મનુષ્યને કામના શાંતિથી બેસવા દેતી નથી. ઈન્દ્રિય, મન, બુદ્ધિ કામનાના સ્થાન છે. કંઈક સાંભળીએ અથવા જોઈએ કે તરત ઈચ્છા ઉત્પન્ન થઈ જાય છે. અને એની પ્રાપ્તિ માટે પ્રવૃત્ત થઈ જવાય છે. માટે જ વેદમાં પ્રાર્થના છે, "હે પરમાત્મા, અમારી આંખો દ્વારા કલ્યાણ દર્શન કરીએ. અમારા કાન દ્વારા કલ્યાણ શ્રવણ કરીએ." ન જોવા, ન સાંભળવાનુ કેટલુંય આપણી અંદર પ્રવેશી જાય છે. આથી બાળકો, યુવા પુરૂષ, સ્ત્રી-પુરુષો એ આનાથી સંભાળવું જરૂરી છે.

મન અને બુદ્ધિ પણ કામના અધિષ્ઠાન છે. મનુષ્ય ઘણો મહત્વાકાંક્ષી થઈ ગયો છે. આવી વૃત્તિ અવિવેક ને કારણે જ થાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધમાંના એક વિષય પ્રત્યેની લાલસા પણ પતનકર્તા છે.

વિવેક ચૂડામણીમાં પાંચ દ્રષ્ટાંત છે

કુરંગ – એટલે કે હરણ, એ હંમેશા શબ્દ પાછળ ઘેલું હોય છે માટે જ એને પકડવા સંગીતનો આધાર લેવાય છે.

હાથી – સ્પર્શનો લાલાયિત હોય છે. એને જ્યારે પકડવાનો હોય ત્યારે હાથણીને સામે ઊભી કરી વચ્ચે ખાડો કરવામાં આવે છે.

પતંગિયું – રૂપ પાછળ ઘેલું છે. પ્રકાશ દેખાય ત્યાં દોડે છે અને નાશને પ્રાપ્ત કરે છે.

મીન (માછલી) – રસથી આકર્ષાય છે. માછલીને પકડવા કાંટામાં લોટ ભરાવી માછલીને પકડી શકાય છે.

ભમરો – સુગંદથી લાલાયિત છે. કમળ પાસે આવે છે ને ભરાઈ જાય છે.

મનુષ્ય પાસે તો આ પાંચેય ઈન્દ્રિયો છે. જો એ ભાન ન રાખે તો તેનું પતન નિશ્ચિત બને છે. કામના દેવતા કામદેવ છે તેમની પાસે પાંચ પ્રકારના બાણ છે. (૧) ઉન્માદ (૨) તાપન (૩) શોષણ (૪) સ્તંભન (૫)સંમોહન, એ ક્યારે પણ અસફળ થતા નથી. વિવેકી ન હોય તો એને હણી લે છે આવા કામદેવએ શિવજીને

શિવમહિમ્નસ્તોત્ર પ્રવચન શ્રેણી
છઠ્ઠો દિવસ

સાધારણ દેવ ગણી તેમને સંમોહિત કરવા પ્રવૃત્ત થયા.

તાડકાસુરને અમરત્વ જોઈતું હતું. એ બ્રહ્માજી પાસે વરદાન માંગવા ગયા. બ્રહ્માજીએ નિમિત્ત મૃત્યુનું વરદાન આપવાની તૈયારી બતાવી. આથી વરદાન માંગ્યું કે શિવજીના પુત્રથી મારું મૃત્યુ થાય. એ સમયની પરિસ્થિતિ પ્રમાણે શિવજીના પુત્રનું હોવું સંભવ ન હોતું. કહ્યું છે કે સમૃધ્ધિ-સંપત્તિથી બુધ્ધિ બગડે છે. તાડકાસુરે દેવતાઓને હેરાન કરવાનું શરૂ કર્યું. છેવટે દેવતાઓ એ કામદેવની મદદ માંગી અને શિવજીની સમાધિ ભંગનું કામ સોંપાયું. આખો તખતો રચાયો. નારદજી એ હિમાલય પુત્રી પાર્વતીજીને સદાશિવ પાસે મોકલવાની તમામ વ્યવસ્થા સંભાળી. પર્વતરાજ હિમાલય દ્વારા પૂજા સમયે પાર્વતીજીની હાજરી ભગવાન શંકરને રુચિકર લાગતી નથી, પરંતુ દેવીના સન્માન ને ઠેસ ના પહોંચે માટે માન્ય રાખે છે. કામદેવ દિવસ નક્કી કરી કામમય વાતાવરણનું સર્જન કરે છે. સૃષ્ટિમાં સુગંધ પ્રસરે છે. મંદ મંદ શીતળ વાયુ, પંખીઓના મીઠા ટહુકાથી શિવજી કંઈક અજુગતુ અનુભવે છે. એમના અંતરમાં ક્રોધ પ્રગટ થાય છે. આંખ ખોલતા જ સામે કામદેવને જોયા, પાર્વતીજીની આંખોમાં પણ પતિભાવ દેખાય છે. આ સઘળું જોઈ ભગવાન ક્રોધથી ત્રીજું નેત્ર ખોલીને કામદેવને ભસ્મીભૂત કરી દે છે. કામદેવનું શરીર નષ્ટ થયું માત્ર સ્મરણાત્મક થઈ ગયા. આથી કામદેવ અનંગ પણ કહેવાય છે. જેના કોઈ અંગ કે દેહ રહ્યો નથી. માટે જ જે વશી છે એનો અનાદર, નિંદા પથ્થ યાને કલ્યાણકારી નથી. સંતો, મહાપુરુષોનો અનાદર કરવાનો ન હોય. નિંદા, તિરસ્કાર, અપમાન ન કરો. પરંતુ ઈશ્વર તેમના ભક્તો, સંતોનો અનાદર સહી શકતા નથી. નારાજ થાય છે.

શ્લોક : ૧૬

આ શ્લોકમાં તાંડવનૃત્યની લીલાનો ઉલ્લેખ છે. પુષ્પદંતાચાર્યજી ભગવાનના બધા સ્વરૂપને પ્રેમ કરે છે. ભગવાનના ક્રોધિત સ્વરૂપમાં પણ એમને લીલા દેખાય છે. તેઓ ટીપ્પણી કરતાં સદાશિવને પ્રેમથી કહેછે 'પ્રભુઆપની વિભૂતા બહુ વક્ક છે '. પ્રિય ભક્ત દ્વારા પ્રેમથી થતી આવી ટીપ્પણી પણ પ્રભુને વ્હાલી લાગે છે. ભગવાનનાં તાંડવનૃત્યમાં એમની વક્તા પ્રગટ થાય છે. એ પ્રલયનકારી-ભયંકર દેખાય છે. જગતના સંહાર માટેનું નૃત્ય હોય એવું દેખાય છે. હકીકતમાં નૃત્ય જગતની રક્ષા માટે છે. આ વક્તા છે.

એક રાક્ષસની તપસ્યાથી બ્રહ્માજી પ્રસન્ન થયા છે. એ વરદાન માંગે છે કે મને એવી શક્તિ આપો કે હું જગતનો નાશ કરી શકું. આવું વરદાન આપતા પહેલાં બ્રહ્માજી થોડો સમય માંગી સંધ્યાકાળે આવવાનું જણાવે છે. બ્રહ્માજી શિવજીને વાત કરે છે. શિવજી ચિંતા ન કરવાનું જણાવી તાંડવ નૃત્ય આરંભ કરે છે. રાક્ષસ પ્રભુના નૃત્યમાં મગ્ન થતાં જ સમયભાન ભૂલી જાય છે. અને સાંજ વીતી જાય છે. આમ, વરદાનનો સમય પણ વીતી જાય છે અને જગત આપત્તિમાંથી ઊગરી જાય છે.

ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત વર્ષાત્રિવેણી કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર,તા.૨૮

તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત 'વરસાદ ભીંજવે' કાર્યક્રમમાં વરસાદ વિશે વક્તવ્ય, કાવ્યગાન અને કાવ્યપાઠનો ત્રિવેણી સંગમ એચ. કે. કૉલેજ ખાતે યોજાયો હતો. સુપ્રસિદ્ધ કવિ ડૉ. હર્ષદેવ માધવ લિખિત અને અશોક ચાવડ સંપાદિત વરસાદી કાવ્યોનો સંગ્રહ 'પોતપોતાની તરસ' પુસ્તકનું વિમોચન થયું હતું. જાણીતા ગઝલકાર પારસ પટેલ, રમેશ ચૌહાણ, જિગર ઠક્કર, મનીષ પાઠકે વરસાદી ગઝલ રજૂ કરીને દાદ મેળવી હતી. 'વરસાદના વહાલ અને વરસાદમાં વહાલ' વિશે વક્તવ્ય આપતા દિલ્લી સાહિત્ય અકાદમી-ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાએ જણાવ્યું કે 'જેને વરસાદ ન ગમતો હોય એનો કદી ભરોસો ન કરવો'. બ્રહ્મચારી વાડી ટ્રસ્ટના ઉપપ્રમુખ સુભાષ બ્રહ્મભટ્ટ અને જાણીતા શિક્ષણવિદ જયેન્દ્રસિંહ જાદવે શુભેચ્છા પાઠવી હતી. ગાયિકા માયા દીપક અને ડૉ. કૃતિ મેઘનાથીએ વરસાદી ગીતો રજૂ કર્યા હતા. સંગીત જીગ્નેશ રાવ અને સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું.

"જ" માર્ગ પર વાહનની હડફેટે ઈજાગ્રસ્ત થયેલી શાહુડીનું રેસ્કયુ

જીવદયા પ્રેમી સંસ્થા શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકોએ રેસ્કયુ કરીને વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર પહોંચાડી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની વનરાજીમાં અનેક પ્રકારના વન્યજીવો કુદરતી રીતે જ વસવાટ કરે છે. આ વન્યજીવો અનેકવાર ખોરાકની શોધમાં માનવ વસ્તીમાં પહોંચી જતા હોય છે. નજીકના નદીકાંઠાની વનરાજીના પગલે શહેરના "જ" માર્ગ પરથી વન્યજીવોની આવન જાવન વધુ

રહે છે. વળી, "જ" માર્ગ વીઆઈપી માર્ગ હોવા ઉપરાંત પહોળો રોડ હોવાને કારણે તેના પરથી પસાર થતાં વાહનોની ઝડપ વધુ જોવા મળે છે. આ કારણે વન્યજીવોને અકસ્માતનો ભોગ બનવાના કિસ્સા વારંવાર સર્જાતા રહે છે. ગઈકાલે આવા જ એક કિસ્સામાં દુર્લભ કહેવાય તેવી શાહુડી કોઈ વાહનની હડફેટે આવીને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવા પામી હતી જેને શહેરની જીવદયા પ્રેમી સંસ્થા શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવી હતી.

ઘટનાની વિગત અનુસાર શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટના હેલ્પલાઈન નંબર પર જીવદયાપ્રેમીનો ફોન આવ્યો હતો જેમાં તેણે જણાવ્યું જતું કે ગિફ્ટ સિટી રોડ પર કોઈ અજાણી કાર દ્વારા ટક્કર વાગવાને કારણે વન્યજીવ એક શાહુડીની હાલત ગંભીર છે તો મદદરૂપ થવા વિનંતી કરવામાં આવી હતી. શ્રીરામ ચેરિટેબલ ટ્રસ્ટની રેસ્ક્યુ ટીમ દ્વારા ચ-૦ પાસેના ફોરેસ્ટ વિભાગમાં વનકર્મી પરમિત ભાટિયાને જાણ કરવામાં આવી હતી. મોતની ઘડીઓ ગણી રહેલી ઈજાગ્રસ્ત શાહુડીને અત્યંત નાજુક સ્થિતિમાં વનવિભાગની મંજૂરી મેળવી શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિજયકુમાર શર્મા તથા ટ્રસ્ટી અજિતભાઈ રાવળ દ્વારા રેસ્ક્યુ કરીને અમદાવાદમાં બોપલ ખાતે સ્થિત વન્ય જીવ સારવાર કેન્દ્ર ખાતે લઈ જવામાં આવી જ્યાં તેને ફરજ પરના પ્રાણીઓ માટેના તબીબ સચીનભાઈ દ્વારા તુરંત જ સારવાર આપવામાં આવી અને તેને દાખલ કરી દેવામાં આવી હતી. આમ જીવદયા પ્રેમી રેસ્ક્યુઅર્સની ત્વરિત બચાવ કામગીરીને કારણે શાહુડી જેવા દુર્લભ વન્યજીવનો જીવ બચી જતાં શહેરના જીવદયા પ્રેમીઓમાં પ્રસન્નતા જોવા મળી હતી.

શહેરના માર્ગો પર વાહનોની ગતિ પર અંકુશ મુકવો ખુબ જરૂરી

ગાંધીનગરના અન્ય માર્ગો કરતાં "જ" માર્ગ પર વાહનોની સ્પીડ વધુ જોવા મળે છે જેના કારણે આ માર્ગ પર છાશવારે અકસ્માતો સર્જાય છે જેમાં અનેકવાર સાપ, વાનર, નીલગાય, શિયાળ, શાહુડી જેવા અનેક વન્યજીવો ઉપરાંત કેટલીકવાર માનવીઓ પણ હડફેટે આવી જાય છે તેવું જણાવતાં શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિજયકુમાર શર્માએ કહ્યું હતું કે "તાજેતરમાં એસજી હાઈવે પર ઓવરસ્પીડને કારણે સર્જાયેલો અકસ્માત ભારે ચર્ચાસ્પદ બન્યો છે ત્યારે પાટનગરના રાજમાર્ગો પર પણ ખાસ કરીને "જ" અને "ચ" માર્ગ પર વાહનોની ગતિ પર અંકુશ મુકાય અને તેનું સખ્તાઈથી પાલન કરાવાય તે ખુબ જરૂરી બન્યું છે."

તા.૦૩ ઓગષ્ટનાં રોજ

'મહિલા સ્વાવલંબન દિવસ'ની ઉજવણી અંતર્ગત મહિલા રોજગાર મેળો યોજાશે

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા. ૦૧ થી તા. ૦૭ ઓગષ્ટ દરમિયાન 'નારી વંદના ઉત્સવ'ની ઉજવણી રાજ્યનાં દરેક જિલ્લાઓમાં કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૦૩ ઓગષ્ટનાં રોજ 'મહિલા સ્વાવલંબન દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં મહિલા અને બાળ અધિકારીની કચેરી ગાંધીનગર દ્વારા ૧૮ થી ૪૦ વર્ષની બહેનોને સ્વરોજગારી મળી રહે તે હેતુસર બલરામ હોલ, બલરામ પરિષદ, ઉમિયા માતાજીના મંદિર પાસે, સેક્ટર - ૧૨ ,ગાંધીનગર ખાતે સવારે ૦૯ થી ૦૨ કલાકે સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવેલ છે. સ્વરોજગાર મેળામાં ભાગ લેવા લિંક ર્ંજ://ર્કદ્વિજ.ષ્ઠઙ્ઘી/ ષ્ઠલ૭અદ્ધઊઈદ્બદ્બદ્ગલ્દ્ધસ્હટીછ પર તા. ૦૨ ઓગષ્ટ સુધી માહિતી ભરી રજીસ્ટ્રેશન કરી શકાશે. જેમાં એક જ સ્થળ ઉપર ટેક મહેન્દ્રા લિ. , એમસીબીએસ પ્રાઈવેટ લિ. , નિરમા લિ. ,ડી માર્ટ ,એડી.એસ .ફાઉન્ડેશન, નેસલે કંપની, એલ.આઈ.સી ઓફ ઈન્ડિયા જેવી કંપનીઓ ભ હાજર રહી મહિલાઓને રોજગાર પૂરો પાડશે. વધુ માહિતી માટે ગાંધીનગર જિલ્લા મહિલા બાળ વિકાસ કચેરીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવ્યું છે.

શંકરસિંહ વાઘેલાના જન્મદિવસે રક્તદાન - થેલેસેમીયા પરીક્ષણના કેમ્પ યોજાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી જીલ્લા શાખા અને સેક્ટર-૨૮ ખાતેની સમર્પણ બાપુ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે કેમ્પસના સ્થાપક અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના ૮૩મા જન્મદિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ અને થેલેસેમીયા અવેરનેસ અને ટેસ્ટ કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે કોલેજના આચાર્ય મહેતા સાહેબે પ્રથમ રક્તદાન કરી બાપુને શુભેચ્છા પાઠવી હતી. કોલેજ પ્રાધ્યાપક ડૉ. રમીલાબેન પટેલ અને સર્વ સ્ટાફ તથા રેડક્રોસ – ગાંધીનગર ટીમે કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ જહેમત ઉઠાવી અને ૨૫ બોટલ રક્ત એકત્ર કરાયું હતું જે થેલેસેમીયાગ્રસ્ત બાળકોને ચઢાવવામાં આવશે. કોલેજના ૨૧૬ વિદ્યાર્થીઓએ તેઓના થેલેસેમીયા ટેસ્ટ કરાવ્યા હતા તેવું રેડક્રોસ ગાંધીનગરના ચેરમેનની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

રેડક્રોસની ગુજરાત શાખા રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત

સૌથી વધુ બ્લડ ડોનેશન મેળવવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૮

રક્તદાન એ માનવ સેવાનું પુણ્યશાળી કાર્ય છે અને ગુજરાતમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આ સેવા કાર્યને રાજ્યભરમાં સફળતાપૂર્વક ચલાવાય છે. તાજેતરમાં સૌથી વધુ બ્લડ ડોનેશન મેળવવા બદલ રેડક્રોસની ગુજરાત રાજ્ય શાખાને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના નવી દિલ્હી ખાતેના નેશનલ હેડ ક્વાર્ટર દ્વારા વાર્ષિક સાધારણ સભામાં દેશના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રપતિ ભવન ખાતે તારીખ ૧૭.૦૭.૨૦૨૩ના રોજ આયોજીત કરવામાં આવી હતી. આ સભામાં અજયભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કાર્યરત ઈંડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાને સમગ્ર દેશમાં સૌથી વધુ બ્લડ ડોનેશન મેળવવા માટે રાષ્ટ્રપતિ દ્વારા એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવી હતી. આ સમારંભમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખ માંડવીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રેડ ક્રોસ વતી આ ગૌરવ ડો. અજયભાઈ દેસાઈ, વાઈસ ચેરમેન જીલુભા ધાંધલ, ડૉ. ભગવતસિંહ વણાર, ડૉ. અનિલ નાયક (સેક્રેટરી જનરલ, મેડીકલ એસોસીએશન, ભારત), ડૉ. અજય પટેલ, ડૉ. મુકેશ જગીવાલા, દિલીપભાઈ દવે, ડૉ. પ્રકાશ પરમાર, ડૉ. અશોક શીલુ, હેમંતભાઈ પટેલ વગેરે એવોર્ડ સ્વીકાર્યો હતો.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અસ્મિતા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સંયુક્ત ઉપક્રમે 'મોહમ્મદ માંકડનું સાહિત્ય' વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યુ હતુ. યુથ હોસ્ટેલ, સેક્ટર-૧૫ ખાતે યોજાયેલ આ પરિસંવાદમાં મોટી સંખ્યામાં સાહિત્યરસિકોએ ભાગ લીધો હતો.

સિનિયર સિટીઝન સેવા સમિતિ સે ક્ટ્ર દ્વારા ગઈ કાલે ગુરુવારે દવાખાના ચોકડી થઈ ઘ-૧ સુધી ફૂટપાથ પર ચાલવામાં નડતાં બાવળનાં કાંટા વાળું ડાળીઓનુ ટ્રીમીન્ગ કરી ફૂટપાથ પર ચાલવામાં સુવિધા કરી સેવા નું કાર્ય કરવામાં આવ્યું હતું.

બીજા ક્વાર્ટરના અંતે બેંક ઓફ ઈન્ડિયાનો ચોખ્ખો નફો ૧૭૬ ટકા વધ્યો



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ખાતે બેંક ઓફ ઈન્ડિયાના ઝોનલ કાર્યાલયની આખબારી યાદીમાં જણાવ્યાં અનુસાર બેંકે તા.૩૦ જુનના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં સ્ટેન્ડઅલોન ચોખ્ખા નફામાં ૧૭૬ ટકાનો ઉછાળો મેળવીને ?૧,૫૫૧ કરોડનો નફો મેળવ્યો છે. આ સાથે બેંકના ઓપરેટિંગ નફમાં પણ ૭૨ ટકાની વૃધ્ધિ સાથે ?૩૭૫૨ કરોડનો નફો થવા પામ્યો હતો. ગત ક્વાર્ટર માટે ચોખ્ખી વ્યાજ આવક (ર્નેં) ૪૫ ટકાથી વધીને ?૫,૯૧૫ કરોડ થઈ હતી, એમ બેંક ઓફ ઈન્ડિયાએ પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું. ગ્લોબલ નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (ર્નેંસ) પણ રૂંરૂ ૪૯ બીપીએસથી સુધર્યું છે જયારે ડોમેસ્ટિક ધિરાણ પરનું વળતર રૂંરૂ ૧૫૭ બીપીએસથી સુધર્યું છે. બેંકનો ગ્રોસ ર્નંછ રેશીઓ પણ રૂંરૂ ૨૬૩ પોઈન્ટથી ઘટવા પણ પામ્યો છે જે બેંક માટે સારી બાબત છે.